દાખલ તારીખઃ ૨૪–૦૩–૨૦૨૬
રજીસ્ટર તારીખઃ ૨૪–૦૩–૨૦૨૬
ફેસલ તારીખઃ ૩૦–૦૩–૨૦૨૬
સમયગાળોઃ વર્ષ–માસ–દિવસ

# ધોરાજીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટમાં, મું. ધોરાજી.

**દિવાની પરચુ. અરજી નં.૨૬/૨૦૨૬**

પી.જી.વી.સી.એલ. ટાઉન,

ધોરાજી ........**અરજદાર**

**વિરૂધ્ધ**

સાગર ઓઈલ મીલના વહીવટકર્તા તથા ભાગીદાર

બટુકભાઈ કરશનભાઈ વૈશ્ણવ, વિગેરે–૨,

રહે. ધોરાજી ...... **સામાવાળા**

બાબતઃ– **સી.પી.સી.ઓર્ડર–૨૧, રૂલ–૪૧ મુજબ અરજી.**

–––––––––––––––––––––––––––––––––

અરજદારપક્ષે :– વિ.વ.શ્રી એસ. જે. વ્યાસ
સામાવાળા તરફે :–વિ.વ.શ્રી કે. એમ. પારેખ

–––––––––––––––––––––––––––––––––

## –// <u>ઠરાવ</u> //–

(૧) અરજી વંચાણે લીધી તથા દલીલો ધ્યાને લીધી તથા વિ.વ.શ્રીને સાંભળ્યા. સદર અરજીમાં અરજદારે એવી હકીકત જણાવેલ છે કે, આ કામમાં પ્રતિવાદીઓ સામે રે.દિ.કે.નં.(સ્પે.દિ.કે.નં.૩૮/૦૨) થી મનીસ્યુટનો દાવો દાખલ કરેલ જે દાવો ચાલી જતાં તા.૧૬/૦૭/૨૦૧૬ ના રોજ જજમેન્ટ આવેલ છે અને તેમાં પ્રતિવાદી નં.૨ જયેશકુમાર મગનભાઈ વૈશ્ણવ પાસે વાદીને દાવા મુજબની રકમ વસુલ કરવી અને તેની ઉપર ૬ ટકા લેખે વ્યાજ પ્રતિવાદી નં.૨ પાસેથી વસુલ કરવું એવું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે વાદીએ આ કામમાં તા.૦૨/૦૨/૨૦૧૭ ના રોજ હાલની દરખાસ્ત દાખલ કરેલ જેમાં શરતચુકથી બંને પ્રતિવાદીઓ સામે વસુલાતની કાર્યવાહી કરવા જણાવેલ અને બાદમાં આ હકીકત ધ્યાને આવતાં પ્રતિવાદી નં.૨ પુરતી હાલની દરખાસ્ત ચાલુ છે અને પ્રતિવાદી નં.૧ ને આ કામમાંથી મુકત કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામમાં તેઓએ આંક–૩૮ થી પ્રતિવાદીને જેલમાં બેસાડવાની અરજી આપેલ છે અને પ્રતિવાદી પાસે કોઈ મિલકત છે કે નહીં તે નકકી થતું ન હોય તેવા કારણસર આંક–૩૮ ની અરજી આ તબકકે નામંજુર કરતો હુકમ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામમાં તા.૧૬/૦૭/૨૦૧૬ ના રોજના હુકમ મુજબ પ્રતિવાદીએ તેઓને ચુકવવાની થતી રકમ આજદીન સુધી ચુકવેલ નથી, હુકમનામું પૈસાની ચુકવણી કરવાનું છે, છેલ્લે બે વર્ષથી હાલની

દરખાસ્ત ચાલે છે અને આ કામમાં તેઓને આજદિન સુધી ન્યાય મળેલ નથી અને મોડો ન્યાય મળવો તે ન્યાય ન મળવા બરાબર હોવાનું જણાવેલ છે અને હુકમનામા મુજબ તેઓને પ્રતિવાદીએ પૈસા ચુકવી આપવા જોઈએ જે આજસુધી ચુકવેલ નહીં હોવાનું જણાવેલ છે. જેથી આ કામનાં પ્રતિવાદી સામે વાદીનાં હુકમનામા મુજબની રકમ વસુલ થઈ શકે તે માટે તેઓની સ્થાવર તથા જંગમ મિલકત, આનાપાઈ સહિતની નામદાર કોર્ટમાં જાહેરાત કરે તે જરૂરી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદી સામે દાવો દાખલ કર્યા બાદ પોતાની મિલકત ના જે જે નાણાકીય વ્યવહારો જમા ઉધાર કરેલ હોય, ટ્રાન્સફર કરેલ હોય તેમનાં જે જે બેન્ક એકાઉન્ટના તથા જે જગ્યાએ રકમ જમા હોય તેના હાલનાં સ્ટેટમેન્ટ તથા જે હોય તે હુકમની તારીખથી આજ સુધીના તમામ આનાપાઈ સહિતના વ્યવહારોના દસ્તાવેજો તથા સ્થાવર મિલકતના દસ્તાવેજો તથા જંગમ મિલકત જે જે હોય તે તમામની નોંધ સાથે આ કોર્ટમાં જુબાની આપવામાં પ્રતિવાદી જયેશકુમાર મગનભાઈ વૈષ્ણવ જાતે હાજર રહે તેમ જણાવી અરજ કરેલ છે કે, આ કામનાં પ્રતિવાદી નામદાર કોર્ટનાં હુકમ મુજબની રકમ વસુલ થઈ શકે તે માટે તેઓની સ્થાવર તથા જંગમ મિલકત કે આનાપાઈ સહીતની નામદાર કોર્ટમાં જાહેરાત કરે તેવો હુકમ કરવા તથા હુકમ તારીખથી આજદિન સુધીના જે કોઈ સ્થાવર કે જંગમ મિલકત વેચાણ કે ટ્રાન્સફર કરેલ હોય તો તેની વિગત તથા પારા–૬ માં દર્શાવ્યા મુજબનાં તમામ વહેવારો આનાપાઈ સહિતના નામદાર કોર્ટ સમક્ષ જુબાની (પુરાવો)

આપવા જાતે હાજર રહેવા હુકમ કરવા અરજ કરેલ છે તથા નામદાર કોર્ટનાં હુકમનું પાલન ન કરે તો પ્રતિવાદી (સામાવાળા) શ્રી જયેશકુમાર મગનલાલ વૈષ્ણવને જેલમાં બેસાડી દેવાનો હુકમ કરવા અરજ કરેલ છે તથા વાદીને નામદાર કોર્ટનાં હુકમ મુજબ તેઓની લેણી રકમ વસુલ અપાવવા નામદાર કોર્ટનો વિશેષ જે કઈ જરૂરી હોય અને લાગે તે હુકમ જે તે વખતે વિશેષ હુકમ ફરમાવવા અરજ કરેલ છે તથા વાદીની લેણી રકમ વસુલ કરવા નામદાર કોર્ટ તમામ મદદ કરે તેવી અરજ કરેલ છે.

(૨) અરજદારની હાલની અરજી લગત સામાવાળા તરફે આંક–૪૯ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલાં છે. જેમાં જણાવ્યા મુજબ આ કામમાં વાદી તરફથી તેઓની સામે પુર્વગ્રહયુકત કામગીરી રાજકીય આગેવાનોના ઈશારે થઈ રહી છે તેવો તેઓનો પ્રથમથી દાવા સમયથી આક્ષેપ છે અને હાલની સી.પી.સી.ઓર્ડર–૨૧ રૂલ–૪૧ ની અરજી તે રાગધ્વેશનાં ભાગરૂપે રાજકીય દાવો બનીને લાવેલા હોય તેવું તેમનું માનવું છે કેમ કે અત્યાર સુધી ધોરાજી કોર્ટમાં પી.જી.વી.સી.એલ. તરફથી એક પણ કેસમાં આ પ્રકારની સારવાર આપેલી નથી તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓએ અગાઉ જાહેર કરેલું છે કે તેઓને ગુજરાતની વડી અદાલત દ્વારા પુરતી ખરાઈ કરી અને મામલતદારના અભીપ્રાયને વંચાણે લઈ અને તેઓની પાસે કોઈ મિલકત ન હોવાથી તેઓની નાદારી મંજુર કરેલ છે જે હકીકત અત્રેની કોર્ટનાં રેકર્ડ પર છે, આમ છતાં તેઓની સામે હાલની અરજી ખોટી રીતે લાવેલાં છે, અરજી પારા–૧ ઉપર હાઈકોર્ટમાં અપીલ પેન્ડીંગ

છે અને તદન પુનરાવર્તન અને ખોટા આક્ષેપો કરેલા અને તેઓને દાવા તારીખથી જુબાની આપવા માટે હાજર રહેવા ફરજ પાડી શકાય નહીં, તેઓનું કોઈ ઈન્કમટેક્ષનું રીટર્ન ભરાતું નથી, વાદી સારી રીતે જાણે છે કે સાગર ઓઈલ મીલ પેઢીનું વીસર્જન થઈ ગયેલ છે, તેઓની પાસે વાદીને કોઈ નવી હકીકત જાણવા માટે જરૂરીયાત નથી, તેઓની કોઈ હીસાબી ચોપડા છે નહીં તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, જયારે નામદાર વડી અદાલતે તેઓને કોર્ટ ફી ભરવા પુરતાં સક્ષમ ગણેલા નથી અને વડી અદાલતમાં અપીલ પેન્ડીંગ છે ત્યારે વાદીની અરજી મંજુર થવા પાત્ર નથી, તેઓની પાસે માત્ર બેન્ક ઓફ બરોડામાં ખાતું છે જે ખાતાની પાછળા ત્રણ વર્ષના ઉતારાની નકલ દસ્તાવેજી પુરાવામાં આ સાથે રજુ છે જે મુળ દેના બેન્કનું ખાતું હતું, અને તેઓને મેનેજર તરફથી એવી સુચના મળેલ છે જે ત્રણ વર્ષથી જુનુ ખાતાનો ઉતારો જોઈતો હોય તો કોર્ટ હુકમ કરે તો આપી શકે, જે વાદી પોતાની રીતે મંગાવવા અરજી આપે તો તેઓને કોઈ વાંધો નથી તેમ જણાવેલ ઉપરોકત જવાબ ધ્યાને લઈ સી.પી.સી.ઓર્ડર–૨૧, રૂલ–૪૧ ની અરજી કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે તેઓની હાલની અરજીના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| અ.નં. | વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીના ખાતાના ઉતારાનું બેંક સ્ટેટમેન્ટ | ૫૦/૧ |

(૪) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

**–:: મુ દ્દા ::–**

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં

૨. આખરી હુકમ મુજબ

**// કા ર ણો //**

**મુદ્દા નં. ૧ ની ચર્ચાઃ–**

(૬) અરજી અંગે બંને પક્ષની દલીલો સાંભળી. આ કામના અરજદારે પોતાની અરજીમાં જણાવ્યા મુજબ આ કામનાં સામાવાળા પાસેથી અરજદારની હુકમનામા મુજબની રકમ વસુલ થઈ શકે તે માટે સામાવાળાની સ્થાવર તથા જંગમ મિલકત, આનાપાઈ સહિતની મિલકત જાહેર થવી ખુબ જરૂરી છે તથા દાવો દાખલ થયા બાદ જે જે નાણાકીય વ્યવહારો થયેલ હોય તથા બેન્કનાં સ્ટેટમેન્ટો વિગેરે તથા સ્થાવર જંગમ મિલકતોનાં દસ્તાવેજો વ્યવહારો

વિગેરે અદાલત સમક્ષ જાહેર થાય તે હુકમનામાની બજવણી માટે જરૂરી હોવાનું જણાવેલ છે. અરજદાર તરફે સદર દલીલ ધ્યાને લેતાં અત્રેની અદાલત એ હકીકત સાથે સહમત થાય છે કે અરજદાર જે હુકમનામાનાં લેણદાર છે તેઓ હુકમ મુજબની રકમ સામાવાળાની મિલકતોથી વસુલ લેવા માટે સામાવાળાની સ્થાવર તથા જંગમ મિલકતોની પરિસ્થિતી અદાલત સમક્ષ રજુ થવી જરૂરી છે. જયારે સામાવાળા નાઓએ પોતાનાં જવાબમાં જણાવ્યા મુજબ મામલતદારનાં અભીપ્રાય મુજબ તેઓ પાસે કોઈ મિલકત નથી, તેઓનું કોઈ ઈન્કમટેક્ષ રીટર્ન ભરાતું નથી, સાગર ઓઈલ મીલ પેઢીનું વીસર્જન થઈ ગયેલ છે અને તેઓ પાસે કોઈ હીસાબી ચોપડા નથી તેમ જણાવી માર્ક ૫૦/૧ થી બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. પરંતુ સામાવાળા પાસે માર્ક ૫૦/૧ નાં બેન્ક સ્ટેટમેન્ટ મુજબની રકમ સિવાય અન્ય કોઈ સ્થાવર–જંગમ મિલકત અથવા અન્ય કોઈ બેન્ક ખાતામાં રહેલી થાપણો વિગેરેની હકીકતો રેકર્ડ ઉપર લાવવી જરૂરી હોય, મુદ્દા નં.૧ નો જવાબ ''અંશત: હકારમાં'' આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

૧. અરજદારની સદર અરજી આથી **"અંશતઃ મંજુર"** કરવામાં આવે છે.

ર. આ કામના સામાવાળાએ માર્ક ૫૦/૧ વાળા બેન્ક સ્ટેટમેન્ટ સિવાયની તેઓ ધરાવતાં હોય તે સ્થાવર તથા જંગમ મિલકતો તથા હુકમ તારીખથી આજદિન સુધીનાં કોઇ સ્થાવર કે જંગમ મિલકત વેચાણ કે

ટ્રાન્સફર કરેલ હોય તો તેની વિગત તથા પારા–૬ માં દર્શાવ્યા મુજબના તમામ વ્યવહારો આનાપાઇ સહિતના દિન–૩૦ (ત્રીસ) માં રજુ કરવા.

૩. જો આ કામનાં સામાવાળા ઉપરોકત સ્થાવર કે જંગમ મિલકતો ધરાવતાં ન હોય તો તે અંગેનું સોગંદનામું વિકલ્પે દિન–૩૦ (ત્રીસ) માં કરવાનું રહેશે.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)